# રશિયાએ કીવનું સેન્ટ્રલ રેલવે સ્ટેશન ઉડાવી દીધું

**વ્લાદિમીર પુતિનની સેનાએ રાજધાની કિવને ઘેરી લીધું છે : હુમલો ત્યારે કરવામાં આવ્યો છે જ્યારે લોકોને સ્ટેશનથી બચાવવામાં આવી રહ્યા હતા, તે જ સમયે, રશિયન સેનાએ ખેરસનને પણ કબજે કરી લીધો છે**

મોસ્કો,તા.૩

રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ હવે ખતરનાક તબક્કે પહોંચી ગયું છે. રશિયન સેનાએ યુક્રેનની રાજધાની કિવને ચારે બાજુથી ઘેરી લીધું છે. રશિયાની સેના પણ યુરોપના સૌથી મોટા ન્યુક્લિયર પાવર પ્લાન્ટ તરફ આગળ વધી રહી છે. રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો આજે આઠમો દિવસ છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ પણ યુક્રેનમાંથી રશિયન સૈનિકોને હટાવવાનો ઠરાવ પસાર કર્યો છે. દરમિયાન આજે બંને દેશો વચ્ચે બીજા રાઉન્ડની વાતચીત પણ યોજાવાની છે. વ્લાદિમીર પુતિનની સેનાએ રાજધાની કિવને ઘેરી લીધું





છે. સતત બોમ્બ ધડાકા થઈ રહ્યા છે. રશિયન સેનાએ કિવના સેન્ટ્રલ રેલ્વે સ્ટેશનને ઉડાવી દીધું. આ હુમલો ત્યારે કરવામાં આવ્યો છે જ્યારે લોકોને સ્ટેશનથી બચાવવામાં આવી રહ્યા હતા. તે જ સમયે, રશિયન સેનાએ ખેરસનને પણ કબજે કરી લીધો છે. હુમલાની સાથે સાથે શાંતિના પ્રયાસો પણ ચાલી રહ્યા છે. બંને દેશોના ટોચના અધિકારીઓ બેલારુસ-પોલેન્ડ સરહદ પર બેઠક કરી રહ્યા છે. આ પહેલા યુક્રેને માંગ કરી છે કે વૈશ્વિક ઈન્ટરનેટ પર રશિયા પર પણ પ્રતિબંધ લગાવવો જોઈએ, જેથી તેના જુઠ્ઠાણાનો પ્રચાર બંધ થાય. યુદ્ધના કારણે યુક્રેન છોડીને જતા નાગરિકોની સંખ્યા ૧૦ લાખને વટાવી ગઈ છે. આ માત્ર સાત દિવસમાં થયું. યુએનએચસીઆરનું કહેવું છે કે યુક્રેનની ૨ ટકા વસ્તી એક સપ્તાહમાં જતી રહી છે. યુક્રેનિયન પોર્ટ પર હાજર બાંગ્લાદેશી જહાજ પણ રશિયન મિસાઈલ હુમલાની ઝપેટમાં આવી ગયું છે. યુક્રેનિયન મીડિયા અનુસાર, આમાં બાંગ્લાદેશી ક્રૂ મેમ્બરનું પણ મોત થયું છે. આ જહાજનું નામ બંગલાર સમરિદ્ધ છે. ઝેલેન્સકીએ કહ્યું છે કે રશિયા પાસે માત્ર ચાર મિત્રો છે. આમાં ઉત્તર કોરિયા, ઈરીટ્રિયા, સીરિયા અને બેલારુસનું નામ આવ્યું છે.

## રશિયાએ યુક્રેનના દક્ષિણી શહેર ખેરસોન ઉપર કબજો કર્યો

**રશિયાએ યુક્રેનના વધુ એક શહેર પર કબજો કર્યો : રશિયાના સૈન્ય અભિયાનથી પ્રભાવિત યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને સુરક્ષિત કાઢવા માટે અભિયાન ચાલુ છે**

મોસ્કો,તા.૩

રશિયા અને યુક્રેન વચ્ચે થઈ રહેલા ભયંકર યુદ્ધનો આજે આઠમો દિવસ છે. રશિયાની સેનાએ યુક્રેનના દક્ષિણી શહેર ખેરસોન ઉપર પણ કબજો જમાવી લીધો છે. યુદ્ધ વચ્ચે રશિયા અને યુક્રેન આજે વાતચીત કરી શકે છે. આ માટે રશિયાનું પ્રતિનિધિમંડળ બેલારૂસ-પોલેન્ડ પહોંચ્યુ છે. આ બાજુ રશિયાના સૈન્ય અભિયાનથી પ્રભાવિત યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને સુરક્ષિત કાઢવા માટે અભિયાન ચાલુ છે. રશિયા તરફથી કરાયેલા દાવા પર હવે ભારતના વિદેશ મંત્રાલયનું નિવેદન આવ્યું છે.

વિદેશ મંત્રાલયના પ્રવકતા અરિંદમ બાગચીએ કહ્યું કે ભારતીય દૂતાવાસ સતત ભારતીયોના સંપર્કમાં છે. યુક્રેની ઓથોરિટીની મદદથી ભારતીય વિદ્યાર્થીઓને બહાર કાઢવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી ભારતના કોઈ વિદ્યાર્થીને બંધક બનાવ્યાની જાણકારી મળી નથી. યુક્રેન પર હુમલો કરતા પહેલા ચીનના સિનિયર અધિકારીઓએ ફેબ્રુઆરીની શરૂઆતમાં રશિયાના સિનિયર અધિકારીઓ સાથે વાત કરી હતી. ચીની અધિકારીઓએ કહ્યું હતું કે બેઈજિંગમાં વિન્ટર ઓલિમ્પિકની સમાપ્તિ પહેલા યુક્રેન પર હુમલો ન કરો. આ વાત ન્યૂયોર્ક ટાઈમ્સે બાઈડેન પ્રશાસનના અધિકારીઓ અને એક યુરોપિયન અધિકારીના હવાલે જણાવી છે.

## યુએનની બેઠકમાં ભારત મતદાનથી દૂર રહ્યું

**રશિયા સામેના પ્રસ્તાવ પર ભારતે વોટિંગમાં ભાગ ન લીધો : મોસ્કો-કીવ વચ્ચે વધતી કટોકટી પરના ઠરાવો પર યુએનમાં ભારતની એક અઠવાડિયા કરતાં ઓછા સમયમાં ત્રીજી ગેરહાજરી**

નવી દિલ્હી,તા.૩

ભારત બુધવારે યુએન જનરલ એસેમ્બલીના ઠરાવથી દૂર રહ્યું હતું જેમાં યુક્રેન સામે રશિયાના આક્રમણની સખત નિંદા કરવામાં આવી હતી. મોસ્કો અને કીવ વચ્ચે વધતી કટોકટી પરના ઠરાવો પર યુએનમાં ભારતની એક અઠવાડિયા કરતાં ઓછા સમયમાં ત્રીજી ગેરહાજરી છે. ૧૯૩ સભ્યોની જનરલ એસેમ્બલીએ બુધવારે યુક્રેનના સાર્વભૌમત્વ, સ્વતંત્રતા, એકતા



અને પ્રાદેશિક અખંડિતતા માટે તેની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરહદોની અંદર તેની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરવા માટે મતદાન કર્યું હતું અને યુક્રેન સામે રશિયાના આક્રમણની "સૌથી સખત શબ્દોમાં નિંદા" કરી હતી.

આ ઠરાવને તરફેણમાં ૧૪૧ મતો, પાંચ મેમ્બર સ્ટેટ્સ વિરોધમાં અને ૩૫ ગેરહાજર સાથે સ્વીકારવામાં આવ્યો હતો. ઠરાવ મંજૂર થતાં જ સામાન્ય સભા તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠી હતી. ઠરાવને સામાન્ય સભામાં સ્વીકારવા માટે ૨/૩ બહુમતી જરૂરી હોય છે. ઠરાવમાં તેના પરમાણુ દળોની તૈયારી વધારવાના રશિયાના નિર્ણયની પણ નિંદા કરવામાં આવી હતી અને યુક્રેન સામે બળના આ "ગેરકાયદેસર ઉપયોગ"માં બેલારુસની સંડોવણીની નિંદા કરે છે, અને તેને તેની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓનું પાલન કરવા હાકલ કરે છે.

## યુદ્ધના સપ્તાહમાં ક્રૂડનો ભાવ બેરલે ૧૧૬ ડોલરે પહોંચ્યો

**ભારતમાં પાંચ રાજ્યોની ચૂંટણીનું મતદાન પૂર્ણ થતાની સાથે પેટ્રોલ-ડીઝલના ભાવમાં આંચકો આવે તેવી શક્યતા**

નવી દિલ્હી, તા.૩

રશિયા - યુક્રેન યુદ્ધ સમાપ્ત થવાના કોઈ એંધાણ દેખાતા નથી અને તેના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં જોરદાર વધારો ચાલુ છે. યુદ્ધ અગાઉ ક્રૂડ ૯૪ ડોલરની આસપાસ હતું તે વોર શરૂ થતા જ ૧૦૦ ડોલરને સ્પર્શી ગયું. યુદ્ધના એક અઠવાડિયા પછી ક્રૂડનો ભાવ ૧૧૬ ડોલર થઈ ગયો છે. છેલ્લા એક દિવસમાં ક્રૂડમાં ૫ ડોલરનો જંગી વધારો થયો છે. ભારત જેવા દેશ માટે આ સૌથી મોટી આફત છે જેનું ક્રૂડ ઈમ્પોર્ટનું બિલ આ વર્ષમાં ૧૦૦ અબજ ડોલરને પાર કરી જાય તેવી શક્યતા છે. ક્રૂડના ભાવમાં ગુરુવારે પણ તેજી જારી રહી હતી અને બ્રેન્ડ ક્રૂડ ઓઈલનો ભાવ ૧૧૬ ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયો હતો.

હાલમાં ક્રૂડના સપ્લાયને અસર થઈ છે. રશિયા પર ભારે પ્રતિબંધ ઝીંકવામાં આવ્યા હોવાથી સપ્લાયની ચિંતા છે. યુએસ ક્રૂડ સ્ટોક્સ કેટલાક વર્ષોના તળિયે પહોંચ્યા છે. પેટ્રોલિયમની નિકાસ કરતા દેશોના સંગઠન ઓપેકઅને રશિયાએ બુધવારે મિટિંગ કરી હતી. તેમણે માર્ચમાં ઓઈલ ઉત્પાદનમાં ૪ લાખ બેરલનો વધારો કરવાનો નિર્ણય લીધો હતો. ઓઈલની આયાત કરતા દેશોએ ઉત્પાદન વધારવાની વિનંતી કરી હોવા છતાં ઓઈલ ઉત્પાદક દેશો અત્યારે જંગી ઉત્પાદન કરીને ભાવ નીચે લાવવા માંગતા નથી.

## રશિયાના રાષ્ટ્રપતિની ધરપકડ કરનારને ૭.૫ કરોડનું ઈનામ

**બિઝનેસમેન એલેક્સ કોનાનીખિને ઓફર રજૂ કરી : કોનાનીખિને લિંકડિન પર આ પોસ્ટ કરી છે,જેમાં પુતિનનો ફોટો લગાવ્યો છે અને લખ્યું છે કે, જીવતો કે મરેલો**

મોસ્કો, તા.૩

રશિયા દ્વારા યુક્રેન પર હુમલાઓ કરવામાં આવી રહ્યા છે. યુક્રેન પર આક્રમણ કરવાના નિર્ણયના કારણે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વિશ્વમાં એકલા પડી રહ્યા છે. ત્યારે આ બધા વચ્ચે મોસ્કોના પ્રખ્યાત બિઝનેસમેન એલેક્સ કોનાનીખિનએ પુતિનની ધરપકડ કરનારાને કરોડો રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી છે. કોનાનીખિનના કહેવા પ્રમાણે જો કોઈ વ્યક્તિ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ધરપકડ કરશે તો પોતે તેને ૭.૫ કરોડ રૂપિયાનું ઈનામ આપશે.

એલેક્સ કોનાનીખિને લિંકડિન પર આ પોસ્ટ કરી છે. આ પોસ્ટની સાથે જ વ્લાદિમીર પુતિનનો ફોટો પણ લગાવ્યો છે અને લખ્યું છે કે, જીવતો કે મરેલો. તેમણે પોસ્ટમાં લખ્યું હતું કે, 'હું વચન આપું છું કે, જે પણ અધિકારી પોતાની બંધારણીય ફરજનું પાલન કરશે તથા પુતિનની એક યુદ્ધ અપરાધી તરીકે રશિયન અને આંતરરાષ્ટ્રીય કાયદા અંતર્ગત ધરપકડ કરશે તેને હું ૧૦ લાખ ડોલર આપીશ.'

વધુમાં લખ્યું છે કે, 'પુતિન રશિયાના રાષ્ટ્રપતિ નથી. તેમણે સ્પેશિયલ ઓપરેશન અંતર્ગત રશિયાના અનેક એપાર્ટમેન્ટ, બિલ્ડિંગ ઉડાવી દીધા. ત્યાર બાદ તેમણે ઈલેક્શન ન કરાવ્યા, બંધારણનું ઉલ્લંઘન કર્યું, તેમણે પોતાના વિરોધીઓની હત્યા કરાવી.'

એલેક્સ કોનાનીખિને લખ્યું હતું કે, 'રશિયાના નાગરિક હોવાના નાતે આ મારૂં નૈતિક કર્તવ્ય છે કે, રશિયાને નાઝીવાદ અને તેના પ્રભાવમાંથી છુટકારો અપાવવા માટે હું મદદ કરૂં. યુક્રેને આ યુદ્ધમાં એક નાયક તરીકે પુતિન સામે પોતાનો પક્ષ રજૂ કર્યો.'

એલેક્સ કોનાનીખિનને પહેલેથી જ રશિયન સરકાર સામે તણાવ રહ્યો છે. ૧૯૯૬માં છપાયેલા વોશિંગ્ટન પોસ્ટના એક આર્ટિકલ પ્રમાણે એલેક્સે મોસ્કો ફિઝિક્સ એન્ડ ટેક્નિકલ ઈન્સ્ટિટ્યુટમાં અભ્યાસ કર્યો, પરંતુ તેમના અભ્યાસ પર પ્રતિબંધ મુકી દેવાયો. ત્યાર બાદ તેમણે સ્ટુડન્ટ કંસ્ટ્રક્શન કોઓપરેટિવની શરૂઆત કરી. તેમણે અન્ય કેટલાય બીજા વેપારો પણ કર્યા. તેમાં બેકિંગ, સ્ટોક્સ અને રિલય એસ્ટેટનો સમાવેશ થાય છે.

## રશિયાએ વિદેશી કરન્સીની ખરીદી પર ૩૦% કમિશન લાદ્યું

**ચારેય તરફથી ઘેરવા રશિયાના ટોચના સેક્ટર્સને નબળું પાડીને આર્થિક રીતે દબાવવાની ચાલ ખેલાઈ રહી છે**

મોસ્કો, તા.૩

યુક્રેન સામે યુદ્ધ છેડતા દુનિયાના ટોચના દેશોએ રશિયા સામે મોરચો માંડ્યો છે. ચારેય તરફથી ઘેરવા માટે રશિયાના ટોચના સેક્ટર્સને નબળું પાડીને આર્થિક રીતે રશિયાને દબાવવાની ચાલ ખેલાઈ રહી છે.

રશિયાના શેરબજાર અને રશિયાની કરન્સી પર તેની ગંભીર અસરો વર્તાઈ રહી છે. ચલણના ઘસારાને રોકવા માટે રશિયાની સેન્ટ્રલ બેંકે વ્યાજદર એક જ ઝાડકે બમણાં કર્યા બાદ હવે વિદેશી કરન્સીની ખરીદ પર ૩૦% કમિશન લાદવાનો નિર્ણય કર્યો છે.

રશિયાની સેન્ટ્રલ બેંકોના આદેશ કરતા પરિપત્રને ટાંકીને બ્રોકરોએ રોઈટર્સને આપેલ માહિતી અનુસાર સેન્ટ્રલ બેંકે કોઈપણ વ્યક્તિ દ્વારા કરન્સી એક્સચેન્જ પર ફોરેન કરન્સીની ખરીદી પર ૩૦% કમિશન વસૂલવાનો આદેશ કર્યો છે.

બેંકનો આ નિર્ણય રશિયન રૂબેલના ઘટાડાને રોકવા મહત્વપૂર્ણ ભાગ ભજવી શકે છે. દેશમાં કરેલ રોકાણ પરત ખેંચવા માટે રૂબેલની સામે વિદેશી કરન્સી એક્સચેન્જ થાય અને રૂબેલની મોટાપાયે વેચવાલીને અટકાવવા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સેન્ટ્રલ બેંકે આ અંગે જાહેરમાં આધિકારીક ટિપ્પણી કરવાનો ઈક્કાર કર્યો છે પરંતુ બ્રોકરોને આ આદેશનું ફરજિયાત પાલન કરવા સૂચના આપવામાં આવી છે.

### ટહુકાર

● અનુસંધાન ચોથાનું ચાલુ...

સોલો ''તુમ્હે યાદ કરતે કરતે જાગેંગે રૈન સારી હોય'' બધી જ પ્રસ્તુતિઓ કાર્યક્રમને અલગ ઉંચાઈ પર લઈ જઈ રહી હતી. કાર્યક્રમમાં ગવાયેલાં ગીતો પૈકી ૧૯૬૬ની ફિલ્મ 'મેરા સાયા'નુ ખુબ જ મશહુર ગીત ''તુ જહાં જહાં ચલેગા, મેરા સાયા સાથ હોગા... મેરા સાયા. . .'' કીશોરકુમાર સાથે આર ડી બર્મનના સંગીતમાં ગાયેલું 'આરાધના'નું ''કોરા કાગજ થા યે મન મેરા, લિખ દિયા નામ ઉસ પર તેરા'' (ભૂમિક ત્રિદેવી સાથે) સાંભળવાની — માણવાની મજા આવી.

સ્વરાંજલી માં પ્રસ્તુત કરાયેલાં એક એક ગીત પછી તે ''તુમ આ ગયે હો, નૂર આ ગયા હૈ નહીં તો ચરાગો સે લૌટ આ રહે હો'' (ફિલ્મ:આંધી), ''તેરે સૂર ઔર મેરે ગીત દોનો મિલકે બનેગી પ્રિત'' (ફિલ્મ: ગૂંજ ઉઠી શહેનાઇ), ''તેરા મેરા પ્યાર અમર હૈ ફિર ક્યોં મુઝકો લગતા ડર હૈ'' (ફિલ્મ: અસલી-નકલી) અને ફિલ્મ મમતા નું લતા-મહમ્મદનું ડ્યુએટ ''રહે ના રહે હમ મહેકા કરેંગે'' હોય એના શબ્દો સંગીત અને કંઠના અદભુત સુયોગના કારણે જાણે કે સાંભળ્યા જ કરીએ.

લતાજીના ગીતોનું ડો. ફાલ્ગુનીબેને ચયન ખૂબ દિલ દઈને અને હ્રદયપૂર્વક કર્યું હતું. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના અલગ અલગ મ્યુઝિક ડીરેકટર્સ અને ગીતકારો સાથે એમના ગીતોનો આનંદ મળતો હતો જેમ કે સચિન બર્મન દા ના સ્વર વિભાવનવાળું ફિલ્મ 'અભિમાન'નું ખુબસુરત ગીત ''અબ તો હૈ તુમ સે હર ખુશી અપની તુમસે હૈ જીંદગી અપની'' કે આર. ડી. બર્મન પંચમદાના સંગીત નિર્દેશનમાં ગવાયેલ ''કરવટે બદલતે રહે સારી રાત હમ આપકી કસમ'' (ફિલ્મ: આપ કી કસમ) ગીત હોય...લતાજીની વિશેષતા એ રહી છે કે એમણે સંગીતકાર પિતાને પછી એમના મ્યુઝીક ડીરેકટર દીકરાઓ સાથે ગાયું હતું તો એક જમાનામાં જે હીરો ને હિરોઇન માટે કંઠ આપ્યો હતો તે પછીના વર્ષોમાં એમનાં સંતાનો ફિલ્મોમાં આવતાં તેમના માટેય ગીતો ગાઈને એમની ફિલ્મોને હીટ બનાવી હતી. વર્ષો સુધી ગાવા છતાં લતાજીના કંઠમાં સ્વરમાં એ જ મીઠાશ એ જ હલક અકબંધ રહ્યાં છે એ જ આ કલાકારનો અદભુત કરિશ્મા હતો.

ફાલ્ગુનીબેનના કંઠેથી આખરી ખત ફિલ્મનું લતાજીનું સદાબહાર સોંગ બહાર મેરા જીવન ભી સંવારો અનામિકાનું આર. ડી. બર્મનના કંપોઝીશનમાં ગાયેલું મસ્તીભર્યું જુવાન હૈયાનું હિલોળા લેતું ગીત બાહોં મેં ચલે આયો... હમ સે સનમ ક્યા પરદા અને ખાસ પોતાની પસંદગીનું ગીત રસમે ઉલફત કો નિભાયેં તો નિભાયે કૈસે (ફિલ્મ: દિલ કી ચાહે) અને એક જમાનાના મોસ્ટ પોપ્યુલર ફિલ્મ: એક દૂજે કે લીયે નું સોલા બરસ કી બાલી ઉમર કો સલામ... યે પ્યાર તેરી પહેલી નજર કો સલામ. .. સ્વરાંજલી અંતર્ગત ગવાયેલાં ગીતોમાં ય સુપર હીટ બની રહ્યાં.

કાર્યક્રમના સમાપન તરફ જતાં સમય મર્યાદાને ધ્યાને લઈને લતા મંગેશકરના ગીતોના ખૂટે નહીં એવા ખજાનામાંથી થોડું વધુ પીરસી દેવાની લાગણીથી ગીતોના ગુલદસ્તા મેડલી સ્વરૂપે રજૂ કરેલાં અનુક્રમે ફિલ્મ: સાઝ દુશ્મન અને કિનારા નાં ગીતો તુમ ના જાને કિસ જહાં મેં ખો ગયે, હમ ભરી દુનિયામેં તન્હા હો ગયે ચિઠ્ઠી ના કોઈ સંદેશ જાને વો કૌન સા દેશ જહાં તુમ ચલે ગયે અને નામ ગુમ જાયેગા ચહેરા યે બદલ જાયેગા મેરી આવાઝ હી મેરી પહેચાન હૈ ગર યાદ રહે જાણે આપણને છોડીને ચાલ્યાં ગયેલાં લતાજી માટે આપણે ગાતાં હોઈએ એવું ફીલ કરાવી ગયાં.

કરાઓકે પર પ્રસ્તુત થયેલો અને ઓનલાઈન હોવાથી કાર્યક્રમમાં સંગીતનાં સાધનો લાઈટીંગ અને ઓડીયો રીસ્પોન્સથી લાઈવનેસ ના મળે તે સ્વભાવિક છે પણ શિરમોર ગાયિકાનાં ગીતોમાં જ એ તાકાત ને જાદુ છે કે એને બીજાં સાજધાજની જરૂર ક્યાં હતી ? અને ફાલ્ગુનીબેનનું પરફોરમન્સ પણ જકડી રાખનારું હતું જ ને ? અભિનંદન બહેન શ્રી

લતાજીએ ઘણાં સુંદર ગીતોને કંઠ આપ્યો હતો એટલે કાર્યક્રમમાં એકાદ બે ગુજરાતી ગીતોને એટલીસ્ટ એક રજકણ સૂરજ થવાને સમણે ને પણ સ્થાન મળ્યું હોત તો સારું લાગત પણ એ નેક્ષ ટાઈમ.

સ્વરાંજલી કાર્યક્રમમાં એન્કરને કો — મેલ સિંગરની બેવડા ભૂમિકા સરસ રીતે નિભાવનાર ભાઈ ભૂમિક ત્રિવેદીને પણ અભિનંદન. ખૂબ સંશોધન કરીને લાવેલી લતાજીના જીવન કવન સંગીતક્ષેત્રે પ્રદાન, ગાયિકીની ખૂબીઓ વિશે જાણી — અજાણી વાતોને ગુંથીને કાર્યક્રમને એમણે રસપ્રદ બનાવ્યો.

આપણા સીંગર ઓફ મિલેનીયમ લતાજીની ગરિમાને શોભે એવો સફળ સ્વરાંજલિનો ઓનલાઈન કાર્યક્રમ યોજીને સ્વર સામ્રાજ્ઞીની યાદોને સંગીત પ્રેમીઓના દિલમાં તરોતાજા કરવા બદલ શિવરંજનીના સંગીતપ્રેમી પ્રમુખશ્રી વાગ્મિન બૂચ તથા એમની મજબૂત ટીમ શિવરંજનીને હાર્દિક અભિનંદન. ખાસ કરીને વધતા ખર્ચાને આર્થિક સંકડામણ વચ્ચે પણ કાર્યક્રમ યોજવા બદલ અભિનંદન અને સંગીત - નાટક અકાદમી પણ પ્રોત્સાક સહયોગ બદલ આભાર અને અભિનંદન.

### વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

● **જિલ્લામાં ખનીજ ચોરી**

કોંગીના બળદેવજી ઠાકોરે જિલ્લામાં ખનીજ ચોરી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ જિલ્લામાં ૧૪૦ ફરિયાદો ખનીજ ચોરીની મળી છે.

૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ દરમ્યાન ૭૨ ફરિયાદો મળી હતી જ્યારે ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ દરમ્યાન ૬૮ ફરિયાદો મળી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે ઉક્ત સ્થિતિએ ૫૩ અરજીઓમાં રૂ. ૧૫૦.૫૭ લાખની વસુલાત કરવામાં આવેલ છે. ૧ ફરિયાદની અરજી અન્વયે રૂ. ૭.૧૦ લાખની દંડનીય વસુલાત માટે હુકમ કરવામાં આવેલ છે. તથા ૧ ફરિયાદ અરજીમાં ૧.૧૨ લાખની વસુલાત અન્વયે નોટીસ પાઠવવામાં આવેલ છે. ૭૭ ફરિયાદ અરજીઓમાં ગેરરીતિ જોવા મળેલ નહિ અને ૮ ફરિયાદ અજીઓ હાલ કાર્યવાહી હેઠળ છે.

● **અને છેલ્લે...**

ગાંધીનગર જિલ્લામાં ૯ જીઆઈડીસી હાલ કાર્યરત છે તેમ કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલના પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે. ગાંધીનગરમાં ૫, માણસા-દહેગામમાં ૧-૧ અને કલોલમાં બે જીઆઈડીસીનો આમાં સમાવેશ થાય છે.

### રિનોવેશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લીકેજીસ સહીત દિવાલમાં તિરાડ પડી જવી સહીતની સમસ્યા સામે આવી રહી છે. જેના અંતે પ્રાથમિક દ્રષ્ટીએ જોખમી માલુમ પડતા મકાનો તોડવા માટે પણ એકબાજુ તંત્ર દ્વારા તબક્કવાર દરખાસ્ત કરવામાં આવી રહી છે. ત્યારે બીજીતરફ તંત્રના ચોપડે મોટી થતી પ્રતિક્ષા યાદીને ઝડપથી ન્યાય મળે તે માટે નવા આવાસો બાંધવાની સાથે મકાનોનુ મજબુતીકરણ પણ કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં સે-૬ માં હાલ નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત સે-૨૯ માં પણ નવા આવાસોનુ કામ શરૂ કરી દેવાયુ છે. ત્યારે જુના આવાસો તોડીને જગ્યા ખુલ્લી થાય તે મુજબ તબક્કાવાર આવાસો તોડવાની પણ મંજુરી આપાવામાં આવે છે. જયારે હાલ નવા આવાસો બાંધવાની સાથે જુના આવાસોને તોડવા ઉપરાંત સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના મકાનો પૈકી રીનોવેશન હેઠળ આવરી લેવાય તેવા મકાનો અંગે પણ અગાઉ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જેના અંતે તંત્ર દ્વારા જુદી જુદી કેટેગરીના મકાનોના મજબુતીકરણ માટે પણ દરખાસ્ત કરવામાં આવી હતી. જે મુજબ સે- ૭ થી ૩૦ માં સ્થિત વિવિધ કક્ષાના અંદાજિત ૭૦૦ જેટલા મકાનોનુ રીનોવેશન કરવા માટે આયોજન કરાયુ છે. આ મામલે વિભાગ કક્ષાએથી દરખાસ્ત કરી દેવામાં આવી છે. જયારે આ કાર્યયોજના અન્વયે રૂ ૩૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. સેકટરોમાં સ્થિત ચ, છ, જ સહીતની વિવિધ કક્ષાના મકાનોનો સમાવેશ થાય છે. આવાસોના રીનોવેશનનુ કામ શરૂ થતા હજુ વાર લાગશે પરંતુ આવાસોના નિર્માણ સાથે રીનોવેશનની કામગીરી તરફ પણ તંત્રએ ધ્યાને કન્દ્રીત કરતા આગામી દિવસોમાં તંત્રના ચોપડે મોટી થતી પ્રતિક્ષા યાદી હળવી થશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

### બીઆરસી ભવન દહેગામ ખાતે તાલુકાકક્ષાની પુસ્તકવાચક સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૩

જિલ્લામાં સરકારી ઉચ્ચ પ્રાથમિક ધો. ૬ થી ૮ અને ઉચ્ચ માધ્યમિક ધો. ૧૧ ના શાળાઓના વિદ્યાર્થીઓ માટે ધોરણ વર્ગથી રાજ્યકક્ષા સુધી પુસ્તક વાચક સ્પર્ધા ઉજવવાનું નિયત કરવામાં આવ્યુ છે. કલસ્ટર કક્ષાએ થયેલ પુસ્તક વાચક સ્પર્ધાનું આયોજન થયેલ. ધો. ૬, ૭, ૮, ૯ અને ૧૧ માં પ્રથમ વિજેતા વિદ્યાર્થીઓ માર્ગદર્શક શિક્ષક અને નિર્ણાયકશ્રીને તાલુકાકક્ષાની પુસ્તક સ્પર્ધા તા. ૨૮મી ફેબ્રુઆરી બી.આર.સી. ભવન દહેગામ ખાતે યોજવામાં આવી હતી જેમાં તાલુકાની ૫૯ શાળાઓના માર્ગદર્શક અને પ્રથમ મેળવેલ વિદ્યાર્થીઓએ આ પુસ્તક વાચક સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**રક્તદાન મહાદાન**